# આપણી એચ.સી.જી.

AAPNI HCG is a Bilingual Monthly, Published on 7th of Every Month
Volume No. 02 | Issue No. 6 | June 2018 I Retail Price : Rs. 10/- | Annual Sub. : Rs. 100/-




# કેન્સરની સંપુર્ણ સારવાર હવે શક્ય છે ભાવનગરમાં !

રેડિએશનની (શેક) સુવિધા સાથેની પ્રથમ કેન્સર સારવાર કેન્દ્ર ટુંક સમયમાં આવી રહી છે એચસીજી હોસ્પિટલમાં

Hospitals
adding life to years



## From Chairman's Desk

At HCG, it has been our constant endeavour to redefine the future of healthcare, through specializing across infertility, tertiary care, cancer care and advanced diagnosis. We have been constantly designing, building and managing healthcare centres with a steadfast vision of bringing core clinical services under one roof. Our intent is to help patients achieve a longer and better life. With a widespread network, HCG makes advanced health care accessible to millions of people, who would otherwise have to undergo temporary relocation or travelling distances for treatment. While transforming the healthcare scenario of the country, HCG Hospitals extend advanced radiation facility at it's Bhavnagar unit.

HCG Hospital, Bhavnagar is a tertiary care hospital, housing one of the first advanced radiation treatment facility in the region. State-of-the-art facilities, best medical expertise, research and technology are the hallmarks of this unit. The cancer care division of HCG Hospitals, Bhavnagar will treat all kinds of cancers under one roof.

The advanced Elekta Synergy radiotherapy technology will have following benefits to the patients- delivering personalized, safe, efficient and high quality radiation, reduced exposure time compared to conventional therapy, minimal side effects.

With this installation, we aim to bring comprehensive cancer care to Bhavnagar city, so that residents do not have to travel across the state to access treatment. We believe that cancer care will soon achieve the benchmark in the treatment standards that we have set in our cardiac care. Our team includes highly experienced & renowned experts, trained paramedical staff along with an unmatched combination of latest infrastructure and advanced technology.

**Dr. B S Ajaikumar**
Chairman, HCG Group


**Chairman**

**Dr. B S Ajaikumar**
Chairman, HCG Group

**Editor**

**Dr. Bharat Gadhavi**
Regional Director, HCG Group - Gujarat

**Contributors**

**Dr. Sidharth Mukerjee**
Consultant - Cardiology

**Dr. Siddhrajsinh Vala**
Consultant - Cardiology

**Dr. Pushpendra Hirpara**
Consultant - Radiation Oncology

**Dr. Harpalsingh Dabhi**
Consultant - Critical Care
& Pulmonology

**Dr. Poma Shah**
Consultant - Internal Medicine

# આધુનિક રેડીયોથેરાપીથી થતા ફાયદા



આધુનિક સમયમાં જોવા મળતી વિવિધ બિમારીઓમાં કેન્સર (કર્કરોગ)નું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. સામાન્ય ભાષામાં શરીરના સામાન્ય કોષનું અનિયંત્રિત વિભાજન થવાથી થતી ગાંઠ એટલે કેન્સર. જે વધવાથી જે તે અંગ કાર્યક્ષમતા ઓછી થાય છે અને જ્યારે તે શરીરના બીજા અંગોમાં પ્રસરી જાય છે ત્યારે સારવાર (ઈલાજ) ઘણો મુશ્કેલ હોય છે.


ભારતમાં સૌથી વધુ જોવા મળતા કેન્સરમાં સ્તનનું, ગર્ભાશયનાં મુખનું, મોંઢાનાં, પેટ અને આંતરડા અને ફેફસાનાં છે. પુરૂષોમાં મોંઢા અને ફેફસાનાં જ્યારે સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખ અને સ્તનનાં કેન્સર સૌથી વધુ જોવા મળે છે. વિશ્વ આરોગ્ય સંઘની આંતરરાષ્ટ્રીય કેન્સર સંશોધન સમિતિ (GLOBACON 2012) નાં રિપોર્ટ પ્રમાણે ભારતમાં કેન્સરનું પ્રમાણ બહુ જ ઝડપથી વધી રહ્યું છે. જેમ કે સ્તન કેન્સરનાં દર્દીઓનાં પ્રમાણમાં ૨૬%વધારો અને ૨૦૨૦ સુધીમાં બીજા ૨૦% સુધી વધવાની સંભાવના છે. આજ પ્રમાણે ફેફસાનાં કેન્સરના દર્દીઓમાં ૨૦%નો વધારો થયો છે અને ૨૦૨૦ સુધીમાં બીજા ૨૬% નો વધારો થાય એવી સંભાવના છે.

કેન્સરના ઈલાજ / સારવાર માટે શસ્ત્રક્રીયા (સર્જરી) થી ગાંઠને દુર કરવી, કીમોથેરાપી (દવા), રેડીયોથેરાપી (વિકિરણ સારવાર /શેક) હોર્મોનલ થેરાપી (દવા) તથા અત્યાધુનિક સંશોધન પ્રમાણે ઈમ્યુનોથેરાપી અને ટાર્ગેટેડ થેરાપીના વિકલ્પો હોય છે. જો દર્દીમાં કેન્સરનું નિદાન વહેલી તકે થાય તો તેનો ઈલાજ પૂર્ણ રીતે શક્ય છે. દર્દીના કેન્સરની અવસ્થા અને પ્રકાર પ્રમાણે ઉપર દર્શાવેલી સારવારનાં વિકલ્પોમાંથી કોઈ એક અથવા એકથી વધુ સારવારની જરૂરત પડી શકે છે.

આધુનિકરણના આ યુગમાં શોધ, સંશોધનમાં થયેલી પ્રગતીના લીધે વિકિરણ ચિકિત્સામાં (રેડીયોથેરાપી - શેક) પણ નવી તકનીકોથી ઈલાજની સંભાવના વધુ અને સાથે ઓછી આડઅસરો શક્ય બની છે.

વિકિરણ ચિકિત્સામાં વિકિરણને ગાંઠ પર બહારથી કે અંદરથી કેન્દ્રીત કરીને કોષનો નાશ કરવામાં આવે છે. આ માટેની વિવિધ તકનીકો જેવી કે 3D-CRT (Three Dimensional Conformal Radiation Therapy), IMRT (Intensity Modulated Radiation Therapy), VMAT (Volumetric Modulated Arc Therapy), IGRT (Image Guided Radio Therapy) થી ગાંઠ પર વધુમાં વધુ પ્રમાણમાં વિકિરણને કેન્દ્રિત કરીને આજુબાજુનાં સામાન્ય અંગોને બચાવી શકાય છે. જેથી શેક / વિકિરણ સારવારથી થતી ત્વરિત અને લાંબાગાળાની આડઅસરોથી બચીને ઈલાજની સંભાવનાઓ વધી જાય છે. આ જ રીતે ગાંઠની અંદર અથવા ગાંઠની નજીક આંતરીક રીતે વિકિરણ ચિકિત્સા આપવાની તકનીક - બ્રેકીથેરાપી ઘણા પ્રકારનાં કેન્સર જેવા કે ગર્ભાશયની કોથળી ગર્ભાશયના મુખ, ચામડી, સ્નાયુની ગાંઠો, અન્નનળી તથા અન્ય કેન્સરના ઈલાજમાં ઉપયોગ થાય છે. વિકિરણ ચિકિત્સા દર્દીનાં કેન્સરની અવસ્થા, પ્રમાણે શસ્ત્રક્રીયાની પહેલા કે પછી આપી શકાય છે. તેમજ કીમોથેરાપીની પહેલા, પછી કે સાથે આપી શકાય છે. ઘણી કેન્સરની ગાંઠોના ઈલાજમાં માત્ર શસ્ત્રક્રીયા વગર વિકિરણ સારવાર / શેક આપીને ઈલાજ કરવામાં આવે છે.

એચસીજી હોસ્પિટલ ભાવનગર રેડીયેશનની (વિકિરણ સારવાર) સુવિધા સાથેનું પ્રથમ કેન્સર સારવાર કેન્દ્ર ટુંક સમયમાં આવી રહ્યું છે. જેથી ભાવનગર શહેર, જીલ્લા અને આસપાસના દર્દીઓને વિકિરણ સારવાર માટે પહેલા અન્ય શહેરોમાં જઈ એકથી દોઢ મહીના માટે રહેવું પડતું (સામાન્યત: શેકની સારવાર એકથી દોઢ મહીના ચાલતી હોય છે) હતું તે હવે ભાવનગર શહેરમાં જ શક્ય બનશે.




**ડૉ. પુષ્પેન્દ્ર હીરપરા**
કન્સલ્ટન્ટ રેડીએશન ઓન્કોલોજીસ્ટ
(વિકીરણ ચિકિત્સક)
એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર

# Signs of Heart Attack



The heart is the hardest working muscle in the body. On an average, heart beats 100,000 times a day and supplies oxygen and nutrients throughout the body. Blood pumped by the heart also shuttles waste products such as carbon dioxide to the lungs, so it can be eliminated from the body. Proper heart function is essential to support life.

**What is heart disease?**

Coronary Artery Disease (CAD), commonly known as heart disease, is a condition in which cholesterol, calcium, and other fats accumulate in the arteries that supply blood to the heart. It hardens forming a plaque that blocks blood flow to the heart. When a coronary artery narrows due to plaque buildup or some other cause, the heart muscle is starved for oxygen and a person experiences chest pain known as angina.

**The link between heart disease and heart attack**

Sometimes a piece of a fatty plaque in a coronary artery breaks off or ruptures. When this happens, a blood clot forms in the area in response to the injury. The clot may block the flow of blood through the artery, causing a heart attack. Sadly, some heart attacks lead to the heart stopping completely, a situation known as sudden cardiac arrest. The heart may also start to beat in a very dangerous rhythm called ventricular tachycardia, which is potentially fatal.

**What are the risk factors for heart disease?**

Certain risk factors increase the chances of developing heart disease. More common heart disease risk factors include:

- High cholesterol
- Diabetes
- History of heart disease in a close blood relative
- Obesity
- High blood pressure
- Smoking
- Peripheral Artery Disease (PAD)

**What are lifestyle risk factors for heart disease?**

Certain lifestyle factors and choices increase the risk of heart disease including:

- Eating a diet high in fat
- Being impatient or aggressive
- Being physically inactive
- Experiencing emotional distress or being "stressed out"

**What are common symptoms of heart disease?**

Many people with heart disease notice symptoms during physical exertion or exercise. The heart needs more oxygen and nutrients during physical exertion, so people with heart disease may notice symptoms when they are active. Symptoms of heart disease may include:

- Jaw pain
- Chest pain
- Back pain (typically left-sided)
- Shortness of breath

**What are other symptoms of heart disease?**


Symptoms of heart disease may also include:

- Nausea
- Lightheadedness or dizziness
- Abdominal pain
- Irregular heartbeat
- Weakness (especially at rest)

Thus, under going health check up at regular intervals can help you in maintaining a healthy heart.




**Dr. Sidharth Mukerjee**
Consultant - Cardiology
HCG Hospitals, Bhavnagar



**Dr. Siddhrajsinh Vala**
Consultant - Cardiology
HCG Hospitals, Bhavnagar

HCG Hospitals
adding life to years

# કેન્સરની સારવાર હવે શક્ય છે, ભાવનગરમાં !



## રેડિએશનની (શેક) સુવિધા સાથેની પ્રથમ કેન્સર સારવાર કેન્દ્ર ટુંક સમયમાં આવી રહી છે એચસીજી હૉસ્પિટલમાં

રેડિએશન માટે હવે બહાર જવાની જરૂર નથી. રેડિએશન અને સર્જીકલ કેન્સર સારવાર માટે સમગ્ર ભારતમાં અગ્રણી એચસીજી કેન્સર કેરમાં આપને ફક્ત આશા નથી મળતી, અહીં આપને મળે છે સર્વોત્તમ કુશળતા અને આધુનિક્તમ ટેકનોલોજીના અજોડ સંગમથી સૌથી સારી સારવારનો પૂરો વિશ્વાસ !

એચસીજી એટલે વિશ્વભરમાં ૨૮ થી વધારે કેન્સર સેન્ટરર્સમાં કાર્યરત ૪૭૫ ઓન્કોલોજિસ્ટના જ્ઞાન, અનુભવ, કુશળતા અને લેટેસ્ટ ટેકનોલોજીનો નીચોડ આપને મળવાનો વિશ્વાસ.

## એચસીજીની વિશેષતા

- કેન્સર સારવાર માટેની નિષ્ણાંત ટીમ
- ભાવનગરની પ્રથમ અને એકમાત્ર રેડિએશન સુવિધા ધરાવતી હોસ્પિટલ
- પ્રશિક્ષિત પેરામેડિક સ્ટાફ

## કેન્સર સારવારમાં એચસીજીએ કરી છે અનેક નવી, પ્રથમ પહેલ

- એશિયામાં પ્રથમ બ્લડલેસ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- ભારતમાં પ્રથમ કમ્પ્યુટર આસિસ્ટેડ ટ્યુમર નેવિગેશન સર્જીરી
- ફ્લેટનિંગ ફ્રી ફિલ્ટર ટેકનોલોજીનો ઉપયોગ કરનાર એશિયામાં પ્રથમ હોસ્પિટલ
- બોન કેન્સરની સારવાર માટે બાયોલોજિકલ રીકન્સ્ટ્રક્શન રજૂ કરનાર ભારતની પ્રથમ હોસ્પિટલ
- સાયબરનાઈફથી હૃદયમાંની ગાંઠ દૂર કરનાર ભારતની પ્રથમ હોસ્પિટલ
- વિશ્વની એડવાન્સ્ડ લેસર ટેકનોલોજીથી દર્દીનો વોકલ કોર્ડ બચાવનાર ભારતની પ્રથમ હોસ્પિટલ
- હાઈ પ્રીસિઝન ટ્રાન્સ ઓરલ લેસર સર્જરી રજૂ કરનાર ભારતની પ્રથમ હોસ્પિટલ
- ભારતમાં સૌથી વધુ સંખ્યામાં બ્રેસ્ટ કન્ઝર્વેશન સર્જરી કરનાર હોસ્પિટલ
- હાયપરથર્મિયા રજૂ કરનારી ભારતની પ્રથમ હોસ્પિટલ

## શ્રેષ્ઠતાનો વિશ્વાસ મળતો હોય, પછી બીજે ક્યાંય શા માટે જવું ?

## હેલ્પલાઈન : ૦૨૭૮-૬૬૪૦૧૦૮/૧૦૦



# ક્રિટિકલ કેર વિષે જાણો

### ક્રિટિકલ કેર શું છે?

ક્રિટિકલ કેર, જે ઇન્ટેન્સિવ કેર તરીકે પણ ઓળખાય છે, તે એક પ્રકારની હેલ્થ કેર સ્પેશિયાલિટી છે જેમાં ગંભીર, જીવન માટે જોખમી બીમારી કે ઇજામાં દર્દીની સઘન સંભાળ લેવામાં આવે છે. જ્યાં પણ જીવન જોખમાતું હોય ત્યાં ક્રિટિકલ કેર આપી શકાય છે. જેમ કે અકસ્માતના સ્થળે, એમ્બ્યુલન્સમાં, હોસ્પિટલના ઇમરજન્સી રૂમમાં કે પછી ઓપરેટિંગ રૂમમાં. જોકે આજે મોટા ભાગની ક્રિટિકલ કેર અત્યંત આધુનિક ઇન્ટેન્સિવ કેર યુનિટ્સ (આઈસીયુ)માં આપવામાં આવે છે.

ક્રિટિકલ કેર અત્યંત અનુભવી તથા પ્રોફેશનલ ફિઝિશિયન, નર્સિસ અને અન્ય સંબંધિત આરોગ્ય સંભાળ નિષ્ણાંતોની ટીમ દ્વારા આપવામાં આવે છે. જેઓ પોતાના અજોડ અનુભવ, મહત્ત્વની થેરાપ્યુટિક માહિતીનું અર્થઘટન કરવાની ક્ષમતા, અત્યંત આધુનિક સાધનો તથા સહાયક કર્મચારીઓની મદદથી એવી સંભાળ આપે છે જે દર્દી માટે શ્રેષ્ઠ પરિણામો લાવે છે.

સામાન્ય રીતે, દર્દીઓને સીધા ક્રિટિકલ કેર યુનિટમાં દાખલ કરવામાં આવે એવું ભાગ્યે જ બને છે. તેને બદલે મોટા ભાગે તેમને ઇમરજન્સી રૂમમાંથી કે સર્જિકલ એરિયામાંથી દાખલ કરવામાં આવે છે જ્યાં તેમને પહેલાં સારવાર આપીને તેમની સ્થિતિ સ્થિર કરવામાં આવે છે. બીમારી કે ઇજાની ક્ષણથી ક્રિટિકલ કેરની ભૂમિકા શરૂ થાય છે અને હોસ્પિટલમાં દર્દીનું રોકાણ, સારવાર તથા ત્યાર પછીની રીકવરીના તબક્કામાં તે ચાલુ રહે છે.

### કેવા પ્રકારની બીમારી અને ઈજામાં ક્રિટિકલ કેરની જરૂર પડે છે?

હાર્ટ એટેક, ઝેરની અસર, ન્યુમોનિયા, સર્જરીની જટિલતાઓ, સમયથી વહેલો જન્મ અને સ્ટ્રોક જેવા કિસ્સાઓમાં ક્રિટિકલ કેરની જરૂર ઊભી થાય છે. અકસ્માત, ગોળીબાર કે સ્ટેબિંગથી થતા ઘા, પડી જવાથી ઈજા, દાઝી જવું કે અન્ય ઔદ્યોગિક અકસ્માતોમાં અપાતી ટ્રોમા કેર પણ ક્રિટિકલ કેરનો હિસ્સો છે.

### ક્રિટિકલ કેર અને ઇમરજન્સી મેડિસિનમાં શો તફાવત છે?

ક્રિટિકલ કેર એટલે જીવન માટે જોખમી સ્થિતિઓનો સામનો કરી રહેલા દર્દીઓની સારવાર. ઇમરજન્સી રૂમ ફિઝિશિયન અને નર્સિસ કોણી ખેંચાઈ જવી કે હાથ તૂટી જવા જેવી પ્રમાણમાં નાની ઇમરજન્સીસથી માંડીને હાર્ટ એટેક, છરી કે ગોળીબારના ઘા જેવી મોટી સમસ્યામાં દર્દીની સારવાર કરે છે. ઇમરજન્સી ડિપાર્ટમેન્ટમાં ફિઝિશિયન્સ અને નર્સિસ દર્દીની સ્થિતિ સ્થિર કરે છે અને તેમને આગળની સારવાર માટે આઇસીયુ કે હોસ્પિટલના અન્ય વિભાગમાં મોકલે છે. ગંભીર રીતે બિમાર કે ઇજાગ્રસ્ત દર્દીની લાંબા ગાળાની સારવાર ક્રિટિકલ કેર પ્રોફેશનલ્સ દ્વારા કરવામાં આવે છે જે મોટા ભાગે આઇસીયુમાં કરવામાં આવે છે.

### ઇન્ટેન્સિવિસ્ટ શું છે?

ઇન્ટેન્સિવિસ્ટ ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ તરીકે પણ ઓળખાય છે. તેઓ એક એવા ડોક્ટર છે જેઓ ક્રિટિકલ કેરમાં તાલીમબદ્ધ છે અથવા સમકક્ષ ક્વોલિફિકેશન ધરાવે છે. એક ઇન્ટેન્સિવિસ્ટ ગંભીર રીતે બીમાર કે ઇજાગ્રસ્ત દર્દીની સંભાળની દોરવણી કરે છે

તથા ક્રિટિકલ કેર યુનિટ્સમાં દર્દીઓની સંભાળ માટે જરૂરી અન્ય હેલ્થ કેર પ્રોફેશનલ્સના સહયોગમાં કામ કરે છે.

**મલ્ટિ-ડિસિપ્લિનરી ક્રિટિકલ કેર ટીમના સભ્યો કોણ હોય છે?**

ક્રિટિકલ કેર ટીમમાં એક વિવિધતાસભર જૂથ કામ કરે છે, જેમાં ઉચ્ચ તાલીમબદ્ધ પ્રોફેશનલ્સ કામ કરે છે. તેઓ સ્પેશિયલાઇઝ્ડ કેર યુનિટસમાં સંભાળ આપે છે તથા ગંભીર રીતે બીમાર દર્દીઓ માટે શ્રેષ્ઠ પરિણામ માટે કામ કરે છે. આ ટીમના તમામ સભ્યોને, તેમની કુશળતા અનુસાર, દર્દીઓ તથા તેમના પરિવારજનોને સ્વાસ્થ્ય સુધાર, સાજા થવાની પ્રક્રિયા, બીમારી કે ઇજાની સ્થિતિનો સામનો કરવા તથા સામાન્ય સુખાકારીમાં જરૂરી માર્ગદર્શન આપવાનું પણ કહેવામાં આવી શકે છે.

જુદી જુદી હોસ્પિટલ્સમાં આ ટીમના સભ્યો જુદા જુદા હોય શકે છે, પરંતુ સામાન્ય રીતે તેમાં આ પ્રકારના સભ્યો હોય છેઃ

**ઇન્ટેન્સિવિસ્ટસ (ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ)**

ઇન્ટેન્સિવિસ્ટસને ફુલ-ટાઇમ આધારે આઇસીયુની કામગીરી સોંપવામાં આવી શકે છે, જ્યાં તેઓ દર્દીઓને ચાલુ અને સતત સંભાળ આપવા માટે અન્ય ક્રિટિકલ કેર ટીમ સભ્યો સાથે કામ કરે છે. આ ફિઝિશિયન્સ ચોક્કસ સારવાર વિવિધ અવયવોના તંત્રને કેવી અસર કરે છે, વિવિધ પ્રક્રિયાઓ અને દવાઓનું ડુપ્લિકેશન કેવી રીતે ટાળવું તે જાણે છે તથા તબીબી સારવાર અંગે દર્દીઓની પસંદગીઓની તેઓ કાળજી રાખે છે.

**ક્રિટિકલ કેર નર્સિસ**

ક્રિટિકલ કેર નર્સિસ દર્દીની સર્વાંગી સંભાળમાં ઉચ્ચ સ્તરની નર્સિંગ સેવા આપે છે તથા દર્દીની સંભાળમાં સંકળાયેલ તમામ વ્યક્તિઓ વચ્ચે સંચાર પણ કરે છે. તેમની કુશળતા તથા સતત હાજરીને કારણે દર્દીની સ્થિતિમાં નાના પણ નોંધપાત્ર ફેરફાર થાય તો તે તરત પારખી શકાય છે અને તેથી દર્દીની સ્થિતિ બગડતી અટકાવી શકાય છે તથા ગંભીર બીમારીમાંથી ઊભી થતી જટિલતાઓ ઓછી કરી શકાય છે.

**ડાયેટિશિયન**

ડાયેટિશિયન મેડિકલ ટીમનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે, જેઓ આઇસીયુમાં ફિઝિશિયન્સ, નર્સિસ, થેરપિસ્ટસ તથા પરિવારના સભ્યો સાથે ચર્ચા વિમર્શ કરે છે. ડાયેટિશિયન દર્દીનું પોષણ સંબંધિત સ્વાસ્થ્ય સુધારવા માટે કામ કરે છે તથા ક્રિટિકલ કેરના દર્દીની ઝડપી રીકવરી માટે પ્રયાસ કરે છે.

**રેસ્પિરેટરી થેરપિસ્ટ**

રેસ્પિરેટરી થેરપિસ્ટ ક્રિટિકલ ટીમ સાથે મળીને ક્રિટિકલ કેરના દર્દીના શ્વાસોચ્છવાસના વ્યવસ્થાપનની દેખરેખ અને કાળજી લે છે. આમાં ઓક્સિજન થેરપી, મિકેનિકલ વેન્ટિલેશન (બ્રીધિંગ મશીન) મેનેજમેન્ટ, એરોસોલ મેડિકેશન થેરપી, કાર્ડિયો રેસ્પિરેટરી મોનિટરિંગ તથા દર્દી અને તેના સ્વજનના શિક્ષણ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**ફિઝિયોથેરપિસ્ટ અને ઓક્યુપેશનલ થેરપિસ્ટ**

ફિઝિકલ થેરપિસ્ટ દર્દીની વિવિધ કામગીરી પૂર્વવત થાય, ગતિશીલતા વધે, પીડા દૂર થાય તથા કાયમી શારીરિક અક્ષમતા અટકે કે મર્યાદિત રહે તેવા પ્રયાસ કરે છે. ઓક્યુપેશનલ થેરપિસ્ટ ક્રિટિકલ કેરના દર્દીની બીમારીની કામના સ્થળે તથા મનોરંજક પ્રવૃત્તિઓ પર કેવી અસર થશે તેનુ સંપૂર્ણ મૂલ્યાંકન કરવા માટે તાલીમબદ્ધ હોય છે. એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર આ તમામ સેવાઓ એક છત્ર હેઠળ ધરાવે છે.




**ડૉ. હરપાલસિંહ ડાભી**

કન્સલ્ટન્ટ ક્રિટિકલ કેર અને પલ્મોનોલોજી

એચસીજી હૉસ્પિટલ, ભાવનગર



**૨૪X૭ ઈમર્જન્સી : ૦૨૭૮-૬૬૪૦૧૦૮/૧૦૦**

**૧૧૩૯, સરપટ્ટણી રોડ, મેઘાણી સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧**

**એપોઈન્ટમેન્ટ : ૦૨૭૮ ૬૬૪૦૧૧૧, વિશેષ માહિતી માટે: +૯૧ ૯૦૯૯૧ ૪૬૬૬૬**


www.hcghospitals.in | Follow us on :

HCG Hospitals
adding life to years

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર દ્વારા જનજાગૃતિ અભિયાન





એચસીજી હોસ્પિટલ્સ ભાવનગરે હાલમાં જ હૃદયને સ્વસ્થ કેવી રીતે રાખવું એ વિશે એક હેલ્થટોકના કાર્યક્રમનું આયોજન કર્યું, જેમાં વૃધ્ધાશ્રમ ટ્રસ્ટના લગભગ ૬૦ સભ્યોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




એચસીજી હોસ્પિટલ્સ ભાવનગરના ક્લિનિકલ હેડ ડૉ. સંજય પંડ્યાએ ક્લિનિકલ એકેડેમીક સેશનનું આયોજન કર્યું જેમાં લગભગ ૩૦ જેટલા ડૉક્ટરોએ તબીબી દસ્તાવેજમાં મરણના પ્રમાણપત્રનાં મહત્ત્વ વિશે ચર્ચા કરી.






એચસીજી હોસ્પિટલ્સ ભાવનગરે, અલ્ટ્રાટેક સિમેન્ટ, કોવાયામાં આરોગ્ય તપાસ શિબિર અને હેલ્થટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સિધ્ધાર્થ મુખરજી (કન્સલ્ટન્ટ કાર્ડીયોલોજી), ડૉ. કેવલ પરમાર (કન્સલ્ટન્ટ ઓર્થોપિડિક), અને ડૉ. પોમા શાહે (કન્સલ્ટન્ટ ક્રિટીકલ કેર અને ઈન્ટરનલ મેડિસીન) લગભગ ૮૫ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરી અને હૃદયને સ્વસ્થ કેવી રીતે રાખવું તેની માહિતી આપી હતી.







અવાણિયા ગામની શાળાના વિદ્યાર્થીઓએ એચસીજી હોસ્પિટલ્સ ભાવનગર ની મુલાકાત લીધી. જેમાં વિદ્યાર્થીઓએ હોસ્પિટલનો રાઉન્ડ લીધો અને અત્યાધુનિક સુવિધાના ફાયદાઓ વિશે જાણકારી મેળવી. સાથે સાથે તેઓ નિષ્ણાંત ટીમની મુલાકાત પણ લીધી અને સ્વાસ્થ્ય વિશેની પ્રાથમિક માહિતી મેળવી.

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર દ્વારા જનજાગૃતિ અભિયાન





એચસીજી હોસ્પિટલ્સ ભાવનગરે હાલમાં યોજાયેલા ક્લિનિકલ એકેડેમીક સેશનમાં ડાયાબિટીસના દર્દીઓમાં કન્ટીન્યુસ ગ્લુકોઝ મોનિટરીંગમાં નવા પદ્ધતિઓ વિશે અને કેવી રીતે આ સારવાર દર્દીઓને પોષાય એ વિશે ચર્ચા કરી. આ કાર્યક્રમમાં લગભગ ૩૫ જેટલા ડૉકટરોએ ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





એચસીજી હોસ્પિટલ્સ ભાવનગરે, ઢસામાં આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કર્યું. જેમાં ડૉ. પોમા શાહ (કન્સલ્ટન્ટ ક્રિટિકલ કેર અને ઇન્ટરનલ મેડિસીન) અને ડૉ. કેવલ પરમાર (કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન) એ ૮૦ જેટલા ભાગ લેનારાઓનું પ્રાથમિક તપાસ અને સાંધાના જોડની તપાસ કરી.









શિહોર ચેમ્બર્સ ઓફ કોમર્સના સભ્યોએ એચસીજી હોસ્પિટલ્સ ભાવનગર દ્વારા આયોજીત હેલ્થટોકમાં ભાગ લઈને હૃદય રોગ અને સંભાળ, હાડકા અને સાંધાની સમસ્યાઓ, ડાયાબિટીસને અંકુશમાં રાખવો અને મેડિકલ ઈમર્જન્સી વિશે ડૉ. સિધ્ધાર્થ મુખરજી (કન્સલ્ટન્ટ કાર્ડીયોલોજી), ડૉ. કેવલ પરમાર (કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક), અને ડૉ. પોમા શાહ (કન્સલ્ટન્ટ ક્રિટીકલ કેર અને ઈન્ટરનલ મેડિસીન) સાથે ચર્ચા કરી.









એચસીજી હોસ્પિટલ્સ ભાવનગરે અને ડેન્ટલ સર્જન્સ એસોસિએશને સાથે મળીને એક સી.એમ.ઈ. નું આયોજન કર્યું.જેમાં એચસીજી હોસ્પિટલ્સ તરફથી ડૉ. દિપીકા નાયક (સર્જીકલ ઓન્કોલોજીસ્ટ) અને ડૉ. પુષ્પેન્દ્ર હીરપરા (રેડીએશન ઓન્કલોજીસ્ટ) ઓરલ કેન્સરને વહેલા તબક્કે પકડવા નવી પદ્ધતિઓ વિશે ચર્ચા કરી. આ કાર્યક્રમમાં લગભગ ૪૫ ડૉક્ટરોએ ભાગ લીધો હતો.

# ડાયાબિટીસને અંકુશમાં રાખવાના પગલાઓ



ડાયાબિટીસ એ આજીવન રહેતો રોગ છે. તમારા ડાયાબિટીસ ટ્રીટમેન્ટ પ્લાનને અનુસરવું એ ૨૪ કલાકની પ્રતિબદ્ધતા દાખવવા જેવું છે. યોગ્ય રીતે ડાયાબિટીસની સારવારથી ગંભીર, જીવલેણ જોખમ ઘટે છે.

અહીં ૧૦ એવા માર્ગો દર્શાવ્યા છે કે જેને ડાયાબિટીસની સારવારમાં સક્રિય રીતે સામેલ કરી શકાય અને સ્વસ્થ ભવિષ્ય તરફ આગળ વધી શકાય છે.

**૧. તમારા ડાયાબિટીસને અંકુશમાં રાખવાની પ્રતિબદ્ધતા રાખો.**

તમારી ડાયાબિટીસ કેર ટીમના સભ્યો - ઉદાહરણ તરીકે ડોક્ટર, ડાયાબિટીસ નર્સ, એજ્યુકેટર અને ડાયેટિશિયન - તમને ડાયાબિટીસની સારવારની મૂળભૂત બાબતો શીખવામાં મદદ કરી શકે છે અને તેઓ સતત તમને સહયોગ આપી શકે છે. પણ તમારી સ્થિતિ પર અંકુશ રાખવો એ તમારા હાથની વાત છે.

તમે ડાયાબિટીસ વિશેની તમામ બાબતો જાણી શકો છો. આરોગ્યપ્રદ આહાર અને શારીરિક પ્રવૃતિ તમારા રોજિંદા જીવનનો ભાગ બને છે. સાથે સ્વસ્થ વજન જાળવવાનું રહે છે. તમારા બ્લડ સુગર પર નજર રાખો અને તેને અંકુશિત કરવા માટે તમારા ડોક્ટરની સૂચનાઓને અનુસરો. તમારી દવાઓ તમારા ડોક્ટરના કહેવા પ્રમાણે લેતા રહો.

**૨. ધુમ્રપાન ન કરો**

ધુમ્રપાન ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ વધારે છે અને વિવિધ ડાયાબિટીસ સંબંધિત જોખમ પણ વધારે છે.

જેમાં સામેલ છે:

પગ અને પગના પંજામાં લોહીનો પ્રવાહ ઘટે છે જેના કારણે ચેપ લાગી શકે છે, ચાંદા પડી શકે છે અને અંતમાં શરીરના હિસ્સાને સર્જરી દ્વારા દૂર કરવાની નોબત આવે છે.

- હૃદય રોગ
- સ્ટ્રોક
- આંખના રોગ, જેમાં અંધાપો આવી શકે છે
- નર્વ ડેમેજ
- કિડનીના રોગ

તમારા ડોક્ટરને તમારી ધુમ્રપાનની આદત કે તમાકુના અન્ય પ્રકારોનો ઉપયોગ છોડવામાં મદદ કરવા કહો અને તેના માર્ગો વિશે પૂછો

**૩. તમારું બ્લડપ્રેશર અને કોલેસ્ટ્રોલ અંકુશમાં રાખો**

ડાયાબિટીસની જેમ, હાઈ બ્લડ પ્રેશર તમારી રક્તવાહિનીઓને નુકસાન કરી શકે છે. હાઈ કોલેસ્ટ્રોલ પણ ચિંતાજનક છે કેમ કે ડાયાબિટીસ હોય તો તેનાથી તમને વધુ ખરાબ અને ઝડપથી નુકસાન થઈ શકે છે. જ્યારે આ સ્થિતિઓ એક સાથે મળે ત્યારે હાર્ટ એટેક, સ્ટ્રોક કે અન્ય જીવલેણ સ્થિતિ સર્જાઈ શકે છે.

**૪. નિયમિત શારીરિક અને આંખોનું પરીક્ષણ કરાવો.**

વર્ષમાં બે થી ચાર વખત ડાયાબિટીસ ચેકઅપ કરાવો, વધુમાં દર વર્ષે તમારું શારીરિક અને આંખોનું પરીક્ષણ કરાવો.

શારીરિક પરીક્ષણ વખતે તમારા ડોક્ટર તમને તમારા ન્યુટ્રિશન અને પ્રવૃતિઓનાં પ્રમાણ અંગે અને ડાયાબિટીસ સંબંધિત કોઈ સમસ્યા વિશે જેમ કે કિડનીમાં ખરાબી, નર્વ ડેમેજ અને હૃદય રોગોના સંકેતો હોય તો તેના વિશે પૂછશે - આ સાથે અન્ય કોઈ તબીબી સમસ્યા હોય તો તેના વિશે પૂછશે.

તમારા આઈ કેર સ્પેશિયાલિસ્ટ રેટિનલ ડેમેજ, મોતિયા અને ગ્લુકોમા અંગેના સંકેતો તપાસશે.

**૫. તમારી રસીઓ અપ ટુ ડેટ રાખો**

ડાયાબિટીસ તમને કેટલીક બીમારીઓના ભોગ બનાવી શકે છે. રોજિંદી રસીઓ તમને તેનાથી બચાવી શકે છે. નીચેની રસી ડૉક્ટરની સલાહ મુજબ લેવી :

**ફ્લુ રસી :** વર્ષે લેવાની ફ્લુ રસી તમને ફ્લુની મોસમમાં સ્વસ્થ રહેવામાં મદદ કરશે તેમજ ફ્લુના કારણે ગંભીર કોમ્પ્લિકેશન્સ થવાથી તમને બચાવશે.

**ન્યુમોનિયાની રસી :** કેટલીક વાર માત્ર એક શોટ ન્યુમોનિયા રસીની જરૂર પડે છે. જો તમને ડાયાબિટીસના કોમ્પ્લિકેશન્સ હોય કે તમારી વય ૬૫ વર્ષ કે તેથી વધુ હોય તો તમારે બૂસ્ટર શોટની જરૂર પડી શકે છે.

**હિપેટાઈટીસ બી રસી :** હિપેટાઈટીસ બી રસી ડાયાબિટીસ ધરાવતા પુખ્તો માટે સલાહભરી છે જેમણે અગાઉ આ રસી લીધી નથી અને તેઓની વય ૬૦ વર્ષથી ઓછી હોય. જો તમારી વય ૬૦ કે તેથી વધુ હોય અને ક્યારેય હિપેટાઈટીસ બી રસી લીધી ન હોય તો તમારા ડોક્ટરને એ રસી લેવી કે કેમ તેના વિશે પૂછો.

**અન્ય રસી :** ધનુરની રસી સામાન્ય રીતે દર ૧૦ વર્ષે અપાય છે તેનુ ધ્યાન રાખો. તમારા ડોક્ટર તમને અન્ય રસી વિશે પણ સલાહ આપી શકે છે.

### ૬. તમારા દાંતની સંભાળ રાખો

ડાયાબિટીસ તમારા પેઢાંમાં ચેપ માટે જવાબદાર બની શકે છે. તમારા દાંતને દરરોજ ફ્લોરાઈડ ટૂથપેસ્ટથી ઓછામાં ઓછા બે વાર સાફ કરો. દિવસમાં એક વાર તમારા દાંતને દોરાથી સાફ કરો (ફ્લોસ) અને વર્ષમાં બે વખત દાંતની તપાસ કરાવો. જો તમારા દાંતના પેઢામાંથી લોહી નીકળે કે લાલ દેખાય કે સોજો આવે તો તમારા ડેન્ટિસ્ટને જાણ કરો.

### ૭. તમારા પગ પર ધ્યાન આપો

હાઈ બ્લડ સુગર તમારા લોહીના પ્રવાહને ઘટાડે છે અને તેના કારણે તમારા પગના જ્ઞાનતંતુઓને નુકસાન થાય છે. તેની સારવાર ન થાય તો ઈજા કે ફોલ્લાના કારણે ગંભીર ચેપ લાગી શકે છે. ડાયાબિટીસના કારણે પગમાં પીડા, ઝણઝણાટી કે સંવેદના ગુમાવવા જેવી સમસ્યા થાય છે.

**પગની સમસ્યાઓ રોકવા માટે:**

- દરરોજ તમારા પગને હૂંફાળા પાણીથી સાફ કરો. પગ ભીના રાખવાથી બચો કેમ કે તેનાથી ત્વચા શુષ્ક થવા લાગે છે.
- તમારા પગને હળવેથી કોરા કરો, ખાસ કરીને પગની આંગળીઓ વચ્ચેના ભાગને કોરો કરો.
- તમારા પગ અને ઘૂંટી પર લોશન કે પેટ્રોલિયમ જેલી લગાવો. તમારા પગની આંગળીઓ વચ્ચે તેલ કે ક્રીમ ન લગાવો - વધુ ભેજના કારણે ત્યાં ચેપ લાગી શકે છે.
- ફોલ્લા, છાલાં, લાલાશ કે સોજા માટે પગને દરરોજ તપાસો.
- જો તમને પગમાં છાલા કે અન્ય સમસ્યા હોય અને તે થોડા દિવસમાં મટે નહીં તો તમારા ડોક્ટરને મળો. જો તમને પગમાં ચાંદા હોય - ખુલ્લો ઘાવ હોય તો તમારા ડોક્ટરને તરત મળો.
- ખુલ્લા પગે ન ચાલો, ઘરમાં કે બહાર ક્યાંય નહીં.

### ૮. દરરોજ એસ્પિરિન લેવા વિશે વિચારો

જો તમને ડાયાબિટીસ હોયઅને અન્ય કાર્ડિયોવાસ્ક્યુલરનાં જોખમી પરિબળો છે જેમ કે ધુમ્રપાન કે હાઈ બ્લડ પ્રેશર છે તો તમારા ડોક્ટર તમને એસ્પિરિનનો હળવો ડોઝ દરરોજ લેવા માટે કહેશે કે જેથી તમને હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ ઘટી શકે. જો તમે અન્ય કોઈ કાર્ડિયોવાસ્ક્યુલર જોખમી પરિબળો ન ધરાવતા હો તો એસ્પિરીનના કારણે બ્લીડિંગ થઈ શકે છે જે એસ્પિરિનના લાભના સ્થાને ગેરલાભ આપશે. તમારા ડોક્ટરને પૂછો કે તમારા માટે રોજ એસ્પિરિન થેરપી યોગ્ય છે કે કેમ અને સાથે એ પણ પૂછો કે કેટલા પ્રમાણમાં એસ્પિરિન લેવી.

### ૯. જો તમે આલ્કોહોલનું સેવન કરતા હો, તો જવાબદારીથી વર્તો

આલ્કોહોલ હાઈ અથવા તો લો બ્લડ પ્રેશર માટે જવાબદાર બને છે, જેનો આધાર તમે કેટલા પ્રમાણમાં લો છો અને ત્યારે તમે કેટલું ખાઓ છો તેના પર છે. જો તમે આલ્કોહોલ લેવાનું પસંદ કરો છો તો તેનું પ્રમાણ માપસર રાખો. સાવધ રહો કે આલ્કોહોલ બ્લડ સુગર ઘટાડી પણ શકે છે અને ખાસ કરીને ઈન્સ્યુલિન લેનારા લોકો માટે તેમાં સાવધાની રાખવી જરૂરી છે.

### ૧૦. તણાવને ગંભીરતાથી લો

જો તમે તણાવમાં રહેતા હો, તો તમારા સામાન્ય ડાયાબિટીસ સારવારની અવગણના આસાનીથી થઈ શકે છે. તણાવને અંકુશિત કરવા વિવિધ સારી પ્રવૃત્તિઓ પર ધ્યાન આપો. તમારા કામની પ્રાથમિકતાઓ નક્કી કરો. આરામ મેળવવાની પદ્ધતિઓ શીખો. વધુ ઊંઘ લો અને સૌથી વધુ હકારાત્મક રહો. ડાયાબિટીસની સારવાર તમારા અંકુશમાં રહેલી છે. જો તમે તમારી જવાબદારી પૂરી કરવા તૈયાર હો, તો ડાયાબિટીસ તમારી સક્રિય અને સ્વસ્થ જીવનશૈલીમાં આડે નહીં આવી શકે.



**ડૉ. પોમા શાહ**
કન્સલ્ટન્ટ ક્રિટિકલ કેર અને ઇન્ટરનલ મેડિસીન
એચસીજી હૉસ્પિટલ, ભાવનગર

HCG Hospitals
adding life to years



# મા યોજનાનાં કાર્ડ ધારકો માટે કેન્સરની મફત સારવાર હવે ભાવનગરમાં

## કેન્સરની સારવાર માટે મફત સુવિધા ઉપલબ્ધ

- શેકની સુવિધા (રેડિયેશન ઓન્કોલોજી ટ્રીટમેન્ટ)
- સર્જીકલ ઓન્કોલોજી ટ્રીટમેન્ટ
- કીમોથેરાપીની સુવિધા (મેડીકલ ઓન્કોલોજી ટ્રીટમેન્ટ)

## વહેલું નિદાન અને નિષ્ણાંતોની સમયસર - સારવાર આપને કેન્સરથી બચાવી શકે છે

મોઢાનું કેન્સર • અન્નનળીનું કેન્સર • સ્તન કેન્સર • આંતરડાનું કેન્સર
ગર્ભાશયના મુખનું કેન્સર • પ્રોસ્ટેટ કેન્સરની સારવાર ઉપલબ્ધ

## અમારા નિષ્ણાંતો

**ડૉ. પુષ્પેન્દ્ર હિરપરા**
રેડીએશન ઓન્કોલોજીસ્ટ

**ડૉ. દિપીકા નાયક**
કેન્સર સર્જન

શરતો લાગુ*

**વધુ માહિતી માટે : ૯૦૯૯૧૪૬૬૬૬**

HCG Hospitals
adding life to years




## હૃદયરોગની સારવાર માટે મફત સુવિધા ઉપલબ્ધ

### ઉપલબ્ધ સુવિધાઓ :

**2D ઈકો, ટીએમટી, એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, BMV, ASD, પેસમેકર, ડિવાઈસ કલોઝર, બાયપાસ સર્જરી, હૃદય ના વાલ્વના ઓપરેશન તેમજ હૃદય, ફેફસા, છાતી અને લોહીની નસોની સર્જરી**

### અમારા નિષ્ણાંતો

**ડૉ. સિધ્ધાર્થ મુખરજી**
હૃદય રોગના નિષ્ણાંત

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા**
હૃદય રોગના નિષ્ણાંત

**ડૉ. બ્રજમોહનસિંઘ**
હૃદય તથા વાલ્વની સર્જરીના નિષ્ણાંત

*શરતો લાગુ

**વધુ માહિતી માટે : ૯૦૯૯૧૪૬૬૬૬**



# OUR EXPERTS

**For Appointment : 0278 664 0111**

| *Specialties* | *Name of Doctor* | *OPD Timings* |
|---|---|---|
| CARDIOLOGY | DR. SIDDHARTH MUKERJEE<br>M.D., D.M.(Cardiology), FSCAI, FESC | Monday to Friday<br>10.00 am to 1.00 pm & 5.00 pm to 7.00 pm<br>Saturday : 10.00 am to 1.00 pm |
| | DR. SIDDHRAJSINH VALA<br>M.D., D.M.(Cardiology) | Monday to Saturday<br>10.00 am to 5.00 pm |
| CARDIO VASCULAR & THORACIC SURGERY | DR. BRAJ MOHAN SINGH<br>M.B.B.S., M.S, M.Ch | Monday to Saturday<br>10.00 am to 1.00 pm & 5.00 pm to 7.00 pm |
| SURGICAL ONCOLOGY | DR. DEEPIKA NAYAK<br>M.S, M.Ch (Oncology) | Monday to Saturday<br>10.00 am to 1.00 pm & 5.00 pm to 7.00 pm |
| RADIATION ONCOLOGY | DR. PUSHPENDRA HIRPARA<br>M.B.B.S. , M.D.(Radiotherapy) | Monday to Saturday<br>9.30 am to 6.00 pm |
| CRITICAL CARE & PULMONOLOGY | DR. HARPALSINH DABHI<br>MD (Pulmonology) | Monday to Saturday<br>10.00 am to 1.00 pm & 5.00 pm to 7.00 pm |
| CRITICAL CARE & INTERNAL MEDICINE | DR. POMA SHAH<br>M.D. (Internal Medicine) | Monday to Saturday<br>10.00 am to 1.00 pm & 5.00 pm to 7.00 pm |
| ORTHOPEDIC & JOINT REPLACEMENT SURGERY | DR. KEVAL PARMAR<br>MS (Orthopedics) | Monday to Saturday<br>5.00 pm to 7.00 pm |
| | DR. YUVRAJ LAKUM<br>MS (Orthopedics) | 2nd & 4th Saturday<br>11.00 am to 2.00 pm |
| PSYCHIATRY | DR. RADHIKA MUKERJEE<br>MD (Psychiatry) | Monday to Saturday<br>10.00 am to 1.00 pm & 5.00 pm to 7.00 pm |
| NEPHROLOGY | DR. HASIT PATEL<br>MD, DM (Nephrology) | 1st and 3rd Thursday<br>10.00 am to 1.00 pm |



# એચસીજી ના નિષ્ણાંત તબીબોની ટીમ હવે તમારા શહેરમાં પણ

## મહુવા

**ડૉ. સિધ્ધાર્થ મુખર્જી** (હૃદય રોગના નિષ્ણાંત)
**ડૉ. બ્રજમોહનસિંઘ** (હૃદય તથા વાલ્વની સર્જરીના નિષ્ણાંત)
**દર મહિનાનાં ત્રીજા શનિવારે**
**સ્થળ :** શેઠ સોનોગ્રાફી એન્ડ એક્ષ-રે ક્લિનીક, ડૉક્ટર હાઉસ, કુબેર બાગ, મહુવા.
**સમય :** સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી
**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૩૩૧૪

## બોટાદ

**ડૉ. સિધ્ધાર્થ મુખર્જી** (હૃદય રોગના નિષ્ણાંત)
**ડૉ. બ્રજમોહનસિંઘ** (હૃદય તથા વાલ્વની સર્જરીના નિષ્ણાંત)
**ડૉ. દિપીકા નાયક** (ઓન્કોસર્જન)
**દર મહિનાનાં ચોથા શનિવારે**
**સ્થળ :** ટી.એમ. વડોદરીયા હૉસ્પિટલ, પાળીયાદ રોડ, બોટાદ
**સમય :** સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી
**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૩૩૫૮

## પાલીતાણા

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા** (ઈન્ટરવેન્સનલ કાર્ડિયોલોજીસ્ટ)
**ડૉ. દિપીકા નાયક** (ઓન્કોસર્જન)
**દર મહિનાનાં ચોથા બુધવારે**
**સ્થળ :** સંઘવી હૉસ્પિટલ, એસ ટી બસ સ્ટેન્ડની બાજુમા, પાલીતાણા.
**સમય :** સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી
**સંપર્ક :** ૯૬૮૭૮ ૭૦૦૪૭, ૭૫૭૩૦ ૩૩૩૧૪

## ઢસા

**ડૉ. પોમા શાહ** (ફિઝિશિયન)
**ડૉ. કેવલ પરમાર** (ઓર્થોપેડિક અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન)
**દર મહિનાનાં પ્રથમ બુધવારે**
**સ્થળ :** ડૉ. એમ. ડી ખોખાની હોસ્પિટલ, એસ.ટી. બસ સ્ટોપની પાછળ, ઢસા.
**સમય :** સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી
**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૩૩૧૪

RNI No.- GUJBIL/2015/69953
Registered Under Postal Registration No. AHD-C\72\2017-2020 Valid up to 31st December 2020,
Permitted to post at PSO, Ahmedabad on 21st & 22nd of every Month

HCG Hospitals
adding life to years




**HCG Hospitals**
1139, Sir Patni Road, Meghani Circle, Bhavnagar - 364001
M : +91 90991 46666 I T : 0278 6640000
www.hcghospitals.in I Email : info@hcghospitals.in | Follow us on:

If undelivered, please return to :
**HCG Hospitals**, Mithakhali, Ellisbridge,
Ahmedabad-380006

Printed and Published by **DR. BHARAT GADHAVI** on behalf of **HCG MEDI-SURGE HOSPITALS PRIVATE LIMITED** and Printed at Print Vision Private Limited., Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad – 380 006. Published at HCG MEDI- SURGE HOSPITALS PRIVATE LIMITED. Mithakhali, Ellisbridge, AHMEDABAD – 380 006. **Editor - DR. BHARAT GADHAVI.**

**Place of Publication : HCG MEDI-SURGE HOSPITALS PRIVATE LIMITED, Mithakhali, Ellisbridge, Ahmedabad-380006**
**Please write us : info.rco@hcghospitals.in**